
# પીએસએલવી-સી ૨૦ દ્વારા સાત સેટેલાઈટ લોંચ

## પીએસએલવી-સી૨૦ના ૨૩મા સફળ લોંચિગથી સંરક્ષણ નિષ્ણાંતો તેમજે વૈજ્ઞાનિકોમાં ખુશીનુ મોજુ ફેલાયું : સફળ ઉડાનથી દેશની ઐતિહાસિક સિદ્ધી



શ્રીહરીકોટા,તા. ૨૫

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા(ઈસરો)એ આજે વધુ એક ઐતિહાસિક સફળતા મેળવી હતી. ઈસરોએ સાત સેટેલાઈટ સફળ રીતે લોંચ કર્યા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં સાત સેટેલાઈટને લોંચ કરવાની તૈયારી ચાલી રહી હતી. પીએસએલવી-સી૨૦ મારફતે આ સાત સેટેલાઈટ લોંચ કરવામાં આવ્યા હતા. ભારતના પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલે તેની સફળતાના રેકોર્ડને જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. પીએસએલવી-સી૨૦ની એઆ સતત ૨૨મી સફળતા હતી. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા(ઈસરો) દ્વારા તમામ સાત સેટેલાઈટને સફળ રીતે છોડવામાં આવ્યા બાદ ભારતે વિશ્વમાં આ સફળતા મેળવનાર ખુબ ઓછા દેશોની યાદીમાં સ્થાન મેળવી લીધુ છે. પીએસએલવી-સી૨૦ મારફતે ભારત-ફ્રેન્ચ સેટેલાઈટ સરળ અને અન્ય છ સેટેલાઈટને લોંચ કર્યા હતા. ઓસ્ટ્રીયા, બ્રિટન, કેનેડા અને ડેનમાર્ક જેવા દેશોના સેટેલાઈટને લોંચ કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન કિરન કુમાર રેડ્ડી પણ ખાસ રીતે હાજર રહ્યા હતા. ભારત-ફ્રાન્સના ઉપગ્રહ સરળ અને અન્ય છ નાના ઉપગ્રહને લોંચ કરવા માટેની તમામ તૈયારી પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી હતી. પીએસએલવી-સી૨૦ મિશનની તૈયારીને લઈને વૈજ્ઞાનિકો અને ઈસરોના સંબંધિત અધિકારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. આંધ્રપ્રદેશના શ્રીહરીકોટા ખાતેથી આ લોંચિગ કરવામાં આવ્યા બાદ ઉપસ્થિત નિષ્ણાંતોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું હતું. અંતરિક્ષમાં આ સાત સેટેલાઈટને મોકલી દેવાની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. ચેન્નાઈથી આશરે ૧૧૦ કિલોમીટરના અંતરે સ્થિત સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર ખાતે પહેલા લોન્ચ પૈડ પરથી સાંજે ૫.૫૬ વાગ્યે લોંચની પ્રક્રિયા યોજાઈ હતી.. આના માટે કાઉન્ટ ડાઉનની પ્રક્રિયા ગઈકાલે સવારે શરૂ કરાઈ હતી. કાઉન્ટ ડાઉનની પ્રક્રિયા યોગ્ય રીતે આગળ વધી હતી. સતત ૨૧ સફળ લોંચના રેકોર્ડ ધરાવનાર પીએસએલવીના ૨૩માં મિશન તરીકે આ મિશન છે. ઈસરા દ્વારા નવમી વખત રોકેટના કોર એલોન વેરિયન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૬૬૮.૫ કિલોગ્રામ વજન ધરાવનાર ૪૪.૪ મીટરની લંબાઈ ધરાવનાર આ રોકેટે ૨૨૯.૭ ટન વજન લઈને ઉડાણ ભરી હતી. સરળની સાથે યુનીબ્રાઈટ થાત બ્રાઈટ (ઓસ્ટ્રીયા), આઉસેટ-૩ (ડેનમાર્ક), બ્રિટનના એસટીઆર એએનડી, કેનેડાના નિયોસસેટ અને કેનેડાના જ નાના સેટેલાઈટ સફાયરને લઈને ઉડાણ ભરી હતી.

# માઘ પૂર્ણિમાએ લાખો શ્રદ્ધાળુઓ દ્વારા પવિત્ર સ્નાન

અલ્હાબાદ,તા. ૨૫

ઉત્તર પ્રદેશના અલ્હાબાદમાં ચાલી રહેલા મહાકુંભ મેળાના ભાગરૂપે આજે સવારે માઘ પૂર્ણિમાના દિવસે સંગમ સ્થાન ઉપર લાખો શ્રદ્ધાળુઓ સ્નાન માટે ઊમટી પડ્યા હતા. ગંગા નદીમાં વહેલી સવારે જ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું હતું. આજના દિવસને ખૂબ જ ખાસ ગણવામાં આવે છે. કારણ કે કલ્પવાસી શ્રદ્ધાળુઓ તેમના મહિના લાંબા ઉત્સવને પૂર્ણ કરી રહ્યા છે. બિનસત્તાવાર અહેવાલ મુજબ ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર સંગમ સ્થળ ઉપર આજે દિવસ દરમિયાન સ્નાન કરનાર શ્રદ્ધાળુઓનો આંકડો ૧.૫ કરોડ સુધી પહોંચી ગયો છે. કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા આ વખતે તમામ પગલાં લેવામાં આવ્યા છે. તમામ જગ્યાએ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કુંભમેળાના વહીવટી તંત્રએ ૫૨ સ્કેવર કિલીમીટર મેળા વિસ્તારમાં માર્ગોઅને મુખ્ય સ્થળો ઉપર વધારાના પોલીસ જવાનો તૈનાત કરાયા છે. હાઈકોર્ટના આદેશના આધાર ઉપર તમામ સ્નાનના ઘાટ ઉપર કોઈપણ પ્રકારની ફોટોગ્રાફી ઉપર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રદ્ધાળુઓમાં કોઈપણ પ્રકારની ભાગદોડ ન થાય તે માટે ડાઈવર્ટ રસ્તા ઉભા કરવામાં આવ્યા છે. ખૂબ જ સાંકડા રસ્તાઓ હોવાથી ભાગદોડના બનાવો ન બને તેની ખાતરી કરવામાં



આવી છે. તમામ ધાર્મિક સ્નાનની વિધી બાદ શ્રદ્ધાળુઓ સરળતાથી બહાર નીકળી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦મી ફેબ્રુઆરીના દિવસે મોની અમાસે ભાગદોડની દુર્ઘટના અલ્હાબાદ રેલવે સ્ટેશન ઉપર બની હતી જેમાં ૩૭ શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા હતા. આવી ઘટનાઓને રોકવા માટે આ વખતે રેલવે પ્રોટેકશન ફોર્સ, સિવિલ પોલીસ, સરકારી રેલવે પોલીસની તૈનાતી કરવામાં આવી છે. સ્નાન બાદ ઘસારાને પહોંચી વળવા પગલાં લેવામાં આવ્યા છે. વધારાની માંગને પહોંચી વળવા રેલવે દ્વારા પ્રજ્ઞા ઘાટ, રાઈબરેલી, લખનૌઉ, ફૈઝાબાદ, અયોધ્યા અને સુલતાનપુર ખાતે વધારાના ટિકિટ કાઉન્ટરો ખોલવામાં આવ્યા છે. લખનૌઉ અને અલ્હાબાદ વચ્ચે દોડતી તમામ ટ્રેનોમાં વધારાના કોચ મૂકવામાં આવ્યા છે. અધિકારીઓની વધારાની ટીમો પણ તમામ સ્ટેશનો ઉપર મૂકવામાં આવી છે. માર્ગી પૂર્ણિમાના સ્નાનના સાનુકૂળ સંચાલનની ખાતરી કરવા તમામ પગલાં લેવાયા છે. કુંભ ખાતે પણ વિશેષ સાવધાની રાખવામાં આવી ગઈ છે. પવિત્ર સ્નાનની પ્રક્રિયા આજે વહેલી પરોઢે ૧.૪૦ વાગે શરૂ થઈ હતી જે આવતીકાલે વહેલી પરોઢે બે વાગ્યા સુધી ચાલશે. મોટાભાગના લોકો આ સમય દરમિયાન સ્નાન કરનાર છે. આજે સ્નાનનો સમય ૧.૪૧ વાગે પૂર્ણ થયો હતો. આ વર્ષે કુંભ મેળાની શરૂઆત ૧૪મી જાન્યુઆરીના દિવસે થઈ હતી.

## આતંકવાદી હુમલા બાદ હૈદરાબાદ પોલીસે હવે તમામ થિયેટરો, મોલમાં સીસીટીવી ગોઠવવા આપેલ સૂચના

હૈદરાબાદ,તા. ૨૫

ગુરુવારના દિવસે હૈદરાબાદમાં ટ્વિન બોમ્બ બ્લાસ્ટ થયા બાદ ઉંડી તપાસનો દોર હજુ પણ ચાલી રહ્યો છે. પરંતુ પોલીસને અને અન્ય સુરક્ષા સંસ્થાઓને હજુ સુધી કોઈ નક્કર કડીઓ હાથ લાગી નથી.

પોલીસ તંત્ર જુદા જુદા એંગલથી તપાસમાં વ્યસ્ત છે. ગુરુવારના આતંકવાદી હુમલા બાદ હૈદરાબાદ પોલીસે હવે તમામ મોટા થિયેટરો, શોપિંગ મોલ, મોટી હોટલો, વેપારી પેઢીઓ, મોટી સરકારી અને ખાનગી ઈમારતોની આસપાસ અને ઈમારતોમાં મેટલ ડિટેક્ટર સ્થાપિત કરવા અને સીસીટીવી ગોઠવવા સ્પષ્ટ સૂચના આપી છે. હૈદરાબાદ પોલીસ કમિશનર અનુરાગ શર્માએ આજે આ અંગેના સીધા આદેશ જારી કર્યા હતા અને કહ્યુ હતુ કે લોકોને સુરક્ષા પૂરી પાડવાના હેતુસર તમામ પગલા લેવામાં આવે તે જરૂરી છે. લોકોની ચકાસણી વધુ પારદર્શક બનાવવાનો પણ આદેશ કર્યો છે. ઈમારતની સામે કોઈ પણવાહનોને પાર્ક કરવાની મંજુરી ન આપવાની પણ સૂચના આપવામાં આવી છે. પોલીસ કમિશનરે સિનેમા થિયેટરોના માલિકો, શોપિંગ મોલ, સ્ટાર હોટલો, લોજ, મોટી પેઢીઓ, મનોરંજનના સ્થળો, મોટી ખાનગી અને સરકારી ઈમારતોને આ મુજબની સૂચના આપી છે. અત્રે ઉલ્લખનીય છે કે ગુરુવારના દિવસે હૈદરાબાદના ભરચક રહેતા દિલસુખ નગર વિસ્તારમાં પ્રચંડ બ્લાસ્ટ થયા હતા જેમાં ૧૬ લોકોના મોત થયા હતા અને ૧૧૫ લોકો ઘાયલ થયા હતા. પોલીસ કમિશનરની ઓફીસ દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે મોલ, હોટેલો અને અન્યોને તમામ પ્રવેશ દ્વારા પર ડોરફ્રેમ મેટલ ડિટેક્ટર સ્થાપિત કરવાની પણ સૂચના આપી છે. ક્લોઝ સર્કિટ ટીવી ગોઠવવાની પણ સૂચના આપી છે જેના કારણે તમામ લોકોની અવરજવર પર નજર રાખી શકાય છે. ઓછામાં ઓછા એક મહિના સુધી આ પ્રકારના ધારાધોરણો અમલી બનાવવા સ્પષ્ટપણે કહેવામાં આવ્યુ છે.

## ચાર ટેસ્ટમેચોની શ્રેણીમાં ભારત હવે જીતની બિલકુલ નજીક :અશ્વિનનો ફરી તરખાટ

ચેન્નઈ,તા. ૨૫

ચેન્નઈના ચેપોક મેદાન ઉપર રમાઈ રહેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના ચોથા દિવસે રમત બંધ રહી ત્યારે ભારતે જીતની સ્થિતિ મેળવી લીધી હતી. માત્ર ઔપચારિકતા બાકી રહી છે. ચાર ટેસ્ટમેચોની શ્રેણીમાં ભારત હવે જીતની બિલકુલ નજીક પહોંચી ગયુ છે. આવતીકાલે સવારે જ લંચ પહેલા ભારત આ ટેસ્ટ મેચ જીતીને ૧-૦ની લીડ મેળવી લે તેવી શક્યતા દેખાઈ રહી છે.

ગઈકાલના સ્કોરથી આગળ રમતા ભારતીય ટીમ આજે તેના પ્રથમ દાવમાં ૫૭૨ રન બનાવીને ઓલ આઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયએ તેના બીજા દાવમાં કંગાળ દેખાવ કર્યો હતો અને આજે રમત બંધ રહી ત્યારે તેના નવ બેટ્સમેન આઉટ થઈ ગયા હતા અને માત્ર ૨૩૨ રન થયા છે. ઓસ્ટ્રેલિયા હવે ભારત ઉપર આ ટેસ્ટ મેચમાં માત્ર ૪૦ રનની લીડ ધરાવે છે. અને તેની એક જ વિકેટ હાથમાં છે તે જોતા ભારતની આ ટેસ્ટ મેચમાં જીત નિશ્ચિત દેખાઈ રહી છે. આજે ચોથા દિવસની રમત શરૂ થઈ ત્યારે કોઈને એવું લાગી રહ્યુ ન હતુ કે ભારત માટે આજનો દિવસ ખુબ શાનદાર રહેશે. આજે ધોની ૨૨૪ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. ધોનીએ ૨૪ ચોગ્ગા અને છ છગ્ગા સાથે પોતાની ટેસ્ટ કેરિયરની પ્રથમ બેવડી સદી ફટકારી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી પેટિન્સને ૯૬ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી જ્યારે લિયોને ૨૧૫ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી જો કે ઓસ્ટ્રેલિયાએ આજે બીજા દાવમાં બેટિંગમાં સફળતા મળી ન હતી.



તેના ટોપ રોર્ડરના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા અને નિયમિત ગાળામાં વિકેટો પડી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ૧૦૩ રન આપી સાત વિકેટ ઝડપનાર અશ્વિને ફરી એકવાર તરખાટ મચાવી દીધો હતો. ૯૦ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટ મેચમાં તે ૧૨ વિકેટ હજુ સુધી લઈ ચુક્યો છે અને મેન ઓફ ધ મેચ માટે પ્રબળ દાવેદાર બની ગયો છે.

## દિલ્હીમાં બે જગ્યા ઉપર શંકાસ્પદ બેગ મળતા ચકચાર : હાઈએલર્ટ

નવી દિલ્હી,તા. ૨૫

હૈદરાબાદમાં બ્લાસ્ટ થયા બાદ દેશભરમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે ત્યારે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં બે વિસ્તારમાં શંકાસ્પદ બેગ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. પાટનગરમાં આર્મી હોસ્પિટલની બહારથી એક શંકાસ્પદ બેગ મળી હતી જેમાં વિસ્ફોટક સામગ્રી હોવાનું જાણવા મળ્યુ છે. આ સાધનને નિષ્ક્રિય બનાવી દેવામાં તંત્રને સફળતા મળી હતી. જ્યારે અન્ય એક શંકાસ્પદ બેગ દક્ષિણ દિલ્હીમાં ગ્રેટર કૈલાસના એમબ્લોક માર્કેટમાં મળી આવતા તપાસ ચાલી રહી છે.

દિલ્હીમાં આર્મી હોસ્પિટલ નજીક આજે મોતનો મસાલો મળી આવ્યો હતો. વિસ્ફોટક સાથે એક શંકાસ્પદ બેગ મળી આવી હતી. આર્મી હોસ્પિટલ નજીક બેગ ફેંકીને એક યુવાન ફરાર થઈ ગયો હતો. સૂત્રોનું કહેવું છે કે આ બેગમાં વિસ્ફોટકો છે. જો કે વિસ્ફોટકો કેવા પ્રકારના છે તે મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સમગ્ર વિસ્તારને સીલ કરીને તપાસ ચાલી રહી છે. બોમ્બ નિષ્ક્રિય કરતી ટૂકડીના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ હાત ધરી હતી. હૈદરાબાદમાં તાજેતરમાં ટ્વીન બ્લાસ્ટ થયા બાદ દિલ્હી પહેલાથી જ હાઈએલર્ટ પર છે. હૈદરાબાદ બ્લાસ્ટમાં કુલ ૧૬ લોકોના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા.

દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત રાખવામાં આવી છે. ઈન્ડિયા ગેટ સહિતના તમામ વિસ્તારો અને અતિ વ્યસ્ત રહેતા માર્કેટમાં ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તમામ વાહનોની ચકાસણી કરવામાં આવી રહી છે. પોલીસ અધિકારીઓ પણ ઉંડી ચકાસણી કરી રહ્યા છે. દિલ્હી સહિત દેશના અન્ય ભાગોમાં પણમજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. વિસ્ફોટક હોવાની શંકાથી તંત્રમાં ભાગદોડ મચી ગઈ છે.

ખૂબજ સુરક્ષિત અને સંવેદનશિલ વિસ્તારમાં બિનવારસી બેગ મળી હતી જેમાં વિસ્ફોટકો હતા. બાઈક ઉપર આવેલા એક શખ્સે આ બેગ ફેંકી હતી. સેના તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે બેગમાં વિસ્ફોટક હતા. કોઈ આતંકવાદી કાવતરું આની પાછળ હતુ કે કેમ તે અંગે હજુ સુધી જાણી શકાયુ નથી પરંતુ આને લઈને સુરક્ષામાં વધારો કરવાની ફરજ પડી છે.


# આજે રેલવે બજેટ : ૧૦૦ નવી ટ્રેનો જાહેર

## એસી ડબલ ડેક્કર, નવી પેસેન્જર સર્વિસની પણ જાહેરાતો થઈ શકે : બુલેટ ટ્રેનના સંબંધમાં પણ કોઈ જાહેરાત થઈ શકે : બંસલ પ્રથમ બજેટ રજુ કરશે

નવી દિલ્હી, તા. ૨૫

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે રેલવે બજેટ આવતીકાલે રેલવે પ્રધાન પવનકુમાર બંસલ રજૂ કરનાર છે. આ રેલવે બજેટમાં યાત્રી ભાડામાં પણ નજીવો વધારો કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ શ્રેણીબદ્ધ નવા પગલાં પણ રેલવે યાત્રીઓની સુવિધા માટે લેવામાં આવે તેવી શક્યતા છે. રેલવે બજેટમાં ૧૦૦થી વધુ નવી ટ્રેનો શરૂ કરવાની પણ જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે બજેટ ૨૦૧૩-૧૪માં જુદા જુદા રાજ્યોની માંગને સંતોષવાના પ્રયાસ પણ કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે બજેટમાં મુખ્ય રીતે રેલવેને નાણાંકીય કટોકટીમાંથી બહાર નિકળવા પગલાં લેવામાં આવે તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત પેન્ડીંગ રહેલા રેલવે પ્રોજેક્ટ માટે પણ જરૂરી સંશાધનો ઊભા કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે. વિદેશમાંથી બે હાઈસ્પીડ ટ્રેનો ખરીદવા અંગે પણ કોઈ મહત્વની જાહેરાત કરવામાં આવી શકે છે. રેલવે બજેટમાં આવતીકાલે ૧૦૦ નવી ટ્રેનો શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે. રેલવે એસી ડબલ ડેકર, નવી પેસેન્જર સર્વિસ ટ્રેન શરૂ કરવાની પણ જાહેરાત કરી શકે છે. જ્યાં સુધી રોલિંગ સ્ટોક કાર્યક્રમોની વાત છે રેલવે બજેટમાં ૬૦૦ એલએચબી કોચ સહિત ૪૨૦૦ નવા કોચ બનાવવા માટેની જાહેરાત કરવામાં આવી શકે છે.

સુત્રોએ કહ્યું છે કે રેલવે બજેટમાં ૨૦ એલએલજી લોકોસ સહિત ૬૭૦ નવા લોકોમોટીવ



નિર્માણની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. ૧૬૦૦૦ નવા વેગન નિર્માણ માટેની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. આ વર્ષના બજેટમાં યાત્રીઓને વધુ સુવિધાઓ આપવા અને તેમની તકલીફોને દુર કરવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ઉત્તરપૂર્વ સહિતના તમામ પ્રદેશોની માંગણીને કેટલાક અંશે સ્વીકારી લેવા તરફ ધ્યાન આપવામાં આવી શકે છે. જુદા જુદા રાજ્યો માટે નવી ટ્રેનો શરૂ કરવા માટે રજૂઆત સંબંધિત રાજ્યોના પ્રતિનિધીઓ દ્વારા કરવામાં આવી ચુકી છે. રેલવે મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે કેટલીક એક્સપ્રેસ ટ્રેનોની સેવાને લંબાવી શકાય છે. કેટલીક લોકપ્રિય ટ્રેનોની ફ્રિકવન્સીને પણ વધારી શકાય છે. લોકોના પ્રતિનિધીઓને ધ્યાનમાં લિને આ નિર્ણય કરવામાં આવી શકે છે. ગયા વર્ષે રેલવે દ્વારા પેસેન્જર સર્વિસ સહિત ૧૭૫ નવી ટ્રેનો જાહેર કરવામાં આવી હતી. ટ્રેનોમાં સ્વચ્છતા અને આરોગ્યને લઈને મુખ્ય ધ્યાન આપવામાં આવશે. ક્વાલિટી ભોજનને લઈને પણ સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની તૈયારી છે. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રેલવે પ્રધાન પવન કુમાર બંસલ તેમનુ પ્રથમ બજેટ રજૂ કરનાર છે. ટોઈલેટ અને કોચને વધારે સ્વચ્છ રાખવા માટે બોર્ડ હાઉસ કિપિંગ સ્કીમ પુરી પાડવા કુલ ૫૪૩ ટ્રેનો ઓળખી કાઢવામાં આવી છે. એસી કોચ અને પેન્ટ્રી કારમાં ફાયર સપ્રેશન સિસ્ટમ સ્થાપિત કરવાની પણ તૈયારી છે.

દરમિયાન રેલવે પ્રધાન પવનકુમાર બંસલ અકસ્માત દરમિયાન બચાવ અને રાહત કામગીરીને વધુ અસરકારક રીતે બનાવવાના હેતુસર રેલવે હાઈ સ્પીડ સેલ્ફ પ્રોપેલ્ડ એક્સીડેન્ટ રિલીફ ટ્રેનોની સંખ્યા વધારવા અને તેની ઝડપને વધારવાની જાહેરાત બજેટમાં કરી શકે છે. યુરોપમાંથી ટેલેસ્કોપીંગ બૂમ સાથે હાઈડ્રોલીક ટ્રેન મેળવવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં રેલવે પાસે ૨૭ સેલ્ફ પ્રોપેલ્ડ એક્સીડેન્ટ રિલીફ ટ્રેનો છે જે પ્રતિ કલાક ૧૧૦ કિલોમીટરની ઝડપે દોડે છે.

રેલવે મંત્રી પવન કુમાર બંસલ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે તેમના પ્રથમ રેલવે બજેટ ૨૦૧૩-૧૪માં ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડે તે પ્રકારની હાઈસ્પીડ રિલીફ ટ્રેન દોડાવાની નવી દરખાસ્તની જાહેરાત કરી શકે છે. બે હાઈસ્પીડ સેલ્ફ પ્રોપેલ્ડ એક્સીડેન્ટ રિલીફ ટ્રેન (એસપીએઆરટી) ખરીદવાની યોજના રેલવે મંત્રાલય દ્વારા બનાવવામાં આવી છે. આ ટ્રેનો પ્રથમ તબક્કામાં પ્રતિ કલાક ૧૬૦ કિલોમીટરની ઝડપે દોડી શકશે. બચાવ કામગીરીને વધુ ઝડપથી આગળ વધારી શકાશે. ઘટના સ્થળે બચાવના સાધનો અતિ ઝડપથી પહોંચી જશે. સાથે સાથે બચાવ કામગીરી ઝડપી બનશે.

ડીઝલ દ્વારા દોડતી એસપીએઆરટી ટ્રેનમાં ત્રણ કોચ રહેશે જેનો ખર્ચ આશરે ૪૦ કરોડની આસપાસનો રહેશે. રેલવે વૈશ્વિક ટેન્ડરીંગ પ્રક્રિયા મારફતે આ અતિ આધુનિક એસપીએઆરટીની ખરીદી કરશે. યોજના મુજબ પ્રથમ બે એસપીએઆરટીની ટેકનોલોજી યુરોપમાંથી આયાત રવામાં આવશે. આ ઉપરાંત રેલવે ડિઝાસ્ટર મેનેજમેન્ટને વધુ મજબૂત કરવા યુરોપમાંથી ટેલિસ્કોપીંગ બુમ સાથે આઠ હાઈડ્રોલીક ટ્રેનની આયાત કરશે.

### રેલવેનું વાર્ષિક યોજનાનું કદ ૫૨૦૦૦ કરોડ થયું

ભારતીય રેલવેની હાલત હાલમાં સારી દેખાઈ રહી નથી. પેન્ડીંગ રેલવે પ્રોજેક્ટો માટે ૧.૪૭ લાખ કરોડની જરૂર છે. રેલવેની પાસે મર્યાદિત સનસાધન હોવાના પરિણામે ઘણી અડચણો આવી રહી છે. ૧લી એપ્રિલ ૨૦૧૨ના દિવસે રેલવે પાસે નવી લાઈનો અને બેવડી લાઈનની ૩૪૭ યોજનાઓ પેન્ડીંગ હતી. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ આ યોજનાને પૂર્ણ કરવા માટે ૧.૪૭ લાખ કરોડ રૂપિયાની જરૂર છે. બીજી બાજુ રેલવેનું વાર્ષિક યોજનાનું કદ ૨૦૧૨-૧૩ માટે ૬૧૦૦૦ કરોડથી ઘટાડીને ૫૨૦૦૦ કરોડ કરી દેવામાં આવ્યું હતું. વાર્ષિક યોજના કદ આગામી નાણાંકીય વર્ષમાં ૬૫૦૦૦ કરોડ સુધી રહી શકે છે.

## એનસીટીસી મુદ્દે મમતાનું વલણ હવે બદલાયુ : શિંદે

કોલકાતા,તા. ૨૫

કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી નેશનલ કાઉન્ટર ટેરેરિઝમ સેન્ટર પ્રત્યે હવે હકારાત્મક વલણ ધરાવે છે. અગાઉ મમતા બેનર્જીએ ચોક્કસ મુદ્દાઓને લઈને વાંધો ઉઠાવ્યો હતો. દક્ષિણ ૨૪ પરગના જિલ્લામાં આયોજિત એક બેઠકમાં મુખ્યમંત્રી સાથે સુશીલકુમાર શિંદેએ વાતચીત કરી હતી. તેઓએ એનસીટીસીના મુદ્દે ચર્ચા કરી છે કે કેમ તે અંગે પુછવામાં આવતા સુશીલકુમાર શિંદેએ કોઈ વાત કરી ન હતી પરંતુ કહ્યુ હતુ કે આ મુદ્દે મમતા બેનર્જી સાથે પહેલા ચર્ચા થઈ ચુકી છે. મમતા બેનર્જી પહેલા કેટલાક મુદ્દાઓને લઈને વિરોધ કરી રહ્યા હતા પરંતુ હવે તેમનું વલણ બદલાયુ છે. શિંદેએ પુનરોચ્ચાર કર્યો હતો કે કેન્દ્ર સરકાર આતંકવાદને મજબુતરીતે રોકવા એનસીટીસી રજુ કરવા માટે ઉત્સુક છે. ગયા સપ્તાહમાં હૈદરાબાદમાં સિરિયલ બ્લાસ્ટ થાય બાદ નેશનલ કાઉન્ટર ટેરેરિઝમ સેન્ટરનો મામલો ફરી એકવાર ચર્ચામાં આવી ગયો છે. એનસીટીસીને કેટલાક રાજ્યોએ વિરોધ કર્યો હતો અને કહ્યુ હતુ કે કાયદો અને વ્યવસ્થાની બાબત રાજ્યોનો વિષય છે જેથી આને લઈને અડચણો ઉભી થઈ ગઈ હતી.

## સમાચાર ઝલક

- સ્વાઇન ફ્લૂથી મોત પૈકી એક તૃતિયાંશ મોત માત્ર ગુજરાતમાં.
- મુંબઇમાં નગ્ન અવસ્થામાં બહાર નીકળનારા શખ્સનું મહિલાઓએ મોતને શરણે કરી દીધો.
- મણીપુરમાં ૨૦ કરોડનો હેરોઇનનો જથ્થો કબજે.
- આતંકવાદીઓને નાણાં પહોંચાડવાનાં હિસ્સામાં જંગી વધારો, ચોંકાવનારી માહિતી.
- થાનગઢના દલિત યુવાનોના મોતના ત્રણેય પોલીસ આરોપીઓ રિમાન્ડ પર.
- રાજકોટના વેપારીની અબજોની કિંમતની મિલકતોના બનાવટી બોગસ દસ્તાવેજો બન્યા.
- અમદાવાદમાં જે રીતે ફ્લાય ઓવર બ્રિજ બને છે તે જોતાં આગામી દિવસોમાં 'બ્રિજનગર' બનશે.
- હૈદાબાદ બ્લાસ્ટ : તપાસની ગતિ તેજ બની.
- નાઇજીરિયામાં બંદૂકધારીએ એક પરિવારના ૧૦ લોકોની ક્રૂર હત્યા કરી.
- દહેજ સતામણીનાં કેસોમાં સમાધાનનો માર્ગ અપનાવાશે, સમજૂતિની તક આપો : સુપ્રીમ કોર્ટ.
- વિપ્રોના ચેરમેન અજીમ પ્રેમજીએ ૧૨,૦૦૦ કરોડ દાનમાં આપ્યાં.
- અમેરિકન લશ્કરને બે દિવસમાં અફઘાનિસ્તાન દેશ છોડી દેવા આદેશ.
- સ્વામીનારાયણ ઇન્ટરનેશનલ સ્કૂલની બસ પલ્ટી ખાતાં ૧૫ વિદ્યાર્થીઓને તપોધન સર્કલ પાસે ઇજા.
- રેલમંત્રીના પત્ની શ્રીમતુ મધુ બસંલની માગણી રેલભાડું ના વધારો.
- સમલૈગિંક લગ્ન સંબંધોનો પ્રતિબંધ હટાવવા અમેરિકન પ્રમુખ ઓબામાની પણ લાગણી.
- માઘ પૂર્ણિમાએ કુંભમેળામાં શાહીસ્નાન યોજાયું.
- જાપાનમાં ધરા ધ્રુજી.
- દિલ્હી પોલીસથી દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીત નારાજ.